પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૩૦ • કુલ પાના : ૪ • તારીખ : ૨૫-૦૧-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

મોદીએ બાળકોને વર્ચ્યુલી સન્માનિત કર્યા

## તમારે આ સન્માનથી પ્રેશરમાં નથી આવી જવાનું, પ્રેરણા લેવાની છે : વડાપ્રધાન મોદી



નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા 'વડાપ્રધાન રાષ્ટ્રીય બાળ પુરસ્કાર'વિજેતાઓ સાથે વાત કરી હતી વડાપ્રધાન કાર્યાલયના જણાવ્યા પ્રમાણે પુરસ્કાર વિજેતાઓને ડિજિટલ સર્ટીફિકેટ આપવામાં આવ્યા છે આ પુરસ્કાર માટે આખા દેશમાં ૬૧ બાળકોની પસંદગી કરવામાં આવી છે. તેમાંથી ૩૨ બાળકોને ગયા વર્ષ માટે અને ૨૯ બાળકોને આ વર્ષે પીએમઆરબીપી-૨૦૨૨ માટે પસંદ કરવામાં આવ્યા છે. સમારોહ દરમિયાન વડાપ્રધાન બ્લોક ચેન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પીએમઆરબીપી- ૨૦૨૨ના વિજેતાઓને ડિજિટલ સર્ટીફિકેટ આપવામાં આવ્યા છે. આ સમારોહમાં પીએમઆરબીપી-૨૦૨૧ના વિજેતાઓને પણ સર્ટીફિકેટ આપવામાં આવ્યા. ગયા વર્ષે કોરોનાના કારણે તેમને સર્ટીફિકેટ આપી શકાયા નથી. વિજેતાઓને સર્ટીફિકેટ આપવા માટે પહેલીવાર બ્લોક ચેન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

બાળકોને સંબોધન કરતા મોદીએ કહ્યું કે, તમને બધાને આ પુરસ્કાર માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આજે નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે પણ છે. હું દેશની દરેક દિકરીઓને શુભેચ્છાઓ આપુ છું. તમારા માતા-પિતા અને ટિચર્સને પણ શુભેચ્છાઓ આપુ છું. આજે તમે જ્યાં છો તેની પાછળ તેમનું પણ યોગદાન છે. તમારી દરેક સફળતા, તમારા પોતાના લોકોની પણ સફળતા છે.મોદીએ બાળકોને કહ્યું, પુરસ્કારની સાથે તમને જવાબદારી પણ મલી છે. દરેક લોકોની તમારા તરફથી અપેક્ષા વધી ગઈ છે. તમારે પ્રેશરમાં નથી આવવાનું, પરંતુ તેનાથી પ્રેરણા લેવાની છે. આઝાદીન લડાઈમાં વીર બાળા કનકલતા બરુઆ, ખુદીરામ બૌઝ જેવા વીરોનો એવા ઈતિહાસ છે જે ગર્વ અપાવે છે. આ સેનાનીઓએ નાની ઉંમરમાં જ દેશની આઝાદીને તેમના જીવનનું મિશન બનાવી દીધું છે. તેના માટે પોતાને સમર્પિત કરી દીધા છે.

આ દરમિયાન વડાપ્રધાન મોદીએ અમુક બાળકો સાથે વાતચીત કરી હતી. આ પહેલાં તેમણે મધ્ય પ્રદેશના માસ્ટર અવિ શર્મા સાથે વાત કરી હતી. મોદીએ કહ્યું- તમે લેખક છો, વ્યાખ્યાન આપો છો અને તમને બાળમુખી રામાયણ પણ લખી છે. આટલું કેવી રીતે કરી શકો છો, બાળપણ વધ્યું છે કે, એ પણ ખતમ થઈ ગયું.

આ વિશે અવિએ જવાબ આપ્યો કે, બધુ ભગવાન રામની કૃપાથી આશિર્વાદથી થઈ રહ્યું છે. સાથે જ અવિએ એવુ પણ કહ્યું કે, મોદી જ તેમના પ્રેરણા સ્ત્રોત છે. અવિએ મોદીને કહ્યું કે, લોકડાઉનમાં જ્યારે અમે બાળકો હતાશ થતા હતા ત્યારે તમે જ ટીવી પર રામાયણ પ્રસારિત કરાવી. જ્યારે રામાયણ જોઈ તો લાગ્યું કે, ભગવાન રામનું ચરિત્ર બાળકો ભૂલી રહ્યા છે. ભગવાન રામના આદર્શ બાળકો આ રામાયણમાંથી શીખે તેથી મેં આ રામાયણ લખી છે.

આ સમારોહમાં બાળકો તેમના માતા-પિતા અને સંબંધિત જિલ્લા મજિસ્ટ્રેટ સાથે જિલ્લા મુખ્યાલયથી આ કાર્યક્રમમાં સામેલ થશે. આ પુરસ્કાર રાષ્ટ્રપતિ ભવનમાં એક સમારોહમાં રાષ્ટ્રપતિ આપે છે. વડાપ્રધાન દર વર્ષે પુરસ્કાર વિજેતાઓ સાથે વાત કરે છે. બાળ પુરસ્કાર વિજેતા દર વર્ષે ગણતંત્ર દિવસની પરેડમાં પણ સામેલ થાય છે. જોકે કોરોનાના કારણે આ વખતે સમારોહ વર્ચ્યુલી આયોજિત કરવામાં આવ્યો છે. આ દરમિયાન કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની અને રાજ્ય મંત્રી ડૉ. મુંજપારા મહેન્દ્રભાઈ પણ જોડાયા હતા.

વડાપ્રધાન રાષ્ટ્રીય બાળ પુરસ્કાર ભારતમાં રહેતા પથી ૧૭ વર્ષના બાળકોને આપવામાં આવે છે. જેમણે શિક્ષણમાં, રમતમાં, કલા-સંસ્કૃતિ. સમાજસેવા અને બહાદુરી જેવા ક્ષેત્રે અસાધારણ પ્રદર્શન કર્યું હોય તેમને આ પુરસ્કાર આપવામાં આવે છે. દરેક પુરસ્કાર વિજેતાને ૧ લાખ રૂપિયાની રકમ પણ ઈનામ પેટે આપવામાં આવે છે.બ્લોકચેન ટેક્નોલોજીમાં બ્લોકનો અર્થ બહુ બધા ડેટા બ્લોક્સ સાથે છે. તેના દ્વારા અલગ-અલગ બ્લોક્સમાં ડેટાને સ્ટોર કરવામાં આવે છે. તે એકબીજા સાથે જોડાયેલા હોય છે. તેના કારણે ડેટાની એક લાંબી ચેઈન બને છે. નવો ડેટા આવતા તેને એક નવા બ્લોકમાં સ્ટોર કરવામાં આવે છે.

## લોકડાઉનના કારણે ગરીબ વર્ગ ઉપર સૌથી વધારે અસર થઈ છે



નવીદિલ્હી,

કોરોના મહામારી દરમિયાન લાગુ કરવામાં આવેલા લોકડાઉનના કારણે ગરીબ વર્ગ પર સૌથી વધારે અસર પડી છે. આંકડાઓ પ્રમાણે તેમની આવકમાં ૫૩ ટકાનો ઘટાડો જોવા મળી રહ્યો છે. જ્યારે ધનિકોની કમાણીમાં સતત વૃદ્ધિ થઈ છે.

આર્થિક ઉદારીકરણ બાદથી સૌથી ગરીબ ૨૦ ટકા ભારતીય પરિવારોની વાર્ષિક આવક ૧૯૯૫ બાદ સતત વધી રહી હતી પરંતુ કોરોના દરમિયાન એટલે કે, વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૦૧૫-૧૬ની સરખામણીએ તેમાં ૫૩ ટકાનો ઘટાડો થયો છે. આ ૫ વર્ષના સમયગાળા દરમિયાન સૌથી ધનવાન ૨૦ ટકા લોકોની વાર્ષિક ઘરેલુ આવકમાં ૩૯ ટકાનો વધારો જોવા મળ્યો છે. મુંબઈ સ્થિત થિંક ટેંક, પીપલ્સ રિસર્ચ ઓન ઈન્ડિયાઝ કન્ઝ્યુમર ઈકોનોમીના આઈસીઈ ૩૬૦ સર્વે ૨૦૨૧માં આ વાત સામે આવી છે. આ સર્વે એપ્રિલ અને ઓક્ટોબર ૨૦૨૧ દરમિયાન કરવામાં આવ્યો હતો. પહેલા તબક્કામાં ૨ લાખ ઘરો અને બીજા તબક્કામાં ૪૨,૦૦૦ ઘરોને તેમાં કવર કરવામાં આવ્યા હતા. આ રિપોર્ટ ૧૦૦ જિલ્લાઓના ૧૨૦ કસબાઓ અને ૮૦૦ ગામડાઓમાંથી મળેલા આંકડાઓ પર આધારીત છે.

આ રિપોર્ટથી જાણવા મળે છે કે, મહામારીએ શહેરોમાં રહેતા ગરીબોને સૌથી વધુ પ્રભાવિત કર્યા છે. આ સમયગાળા દરમિયાન તેમની આવક ખતમ થઈ ગઈ છે. સર્વેમાં આવકના આધાર પર જનસંખ્યાને ૫ ભાગોમાં વિભાજિત કરવામાં આવી છે. પહેલી સૌથી ગરીબ ૨૦ ટકા જનસંખ્યા, જેમની આવકમાં ૫૩ ટકાનો ઘટાડો થયો છે. બીજા ક્રમે નિમ્ન મધ્યમ શ્રેણીની આવકમાં ૩૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. ત્રીજું મધ્યમ આવક વર્ગના લોકો માટે આ ઘટાડો ૯ ટકા છે. ચોથું ઉપરી મધ્યમ વર્ગમાં ૭ ટકાની વૃદ્ધિ જ્યારે સૌથી ધનવાન ૨૦ ટકા લોકોની આવકમાં ૩૯ ટકાની વૃદ્ધિ થઈ છે.

સર્વેમાં એ પણ જાણવા મળ્યું છે કે, જ્યાં સૌથી ધનવાન ૨૦ ટકા લોકોની આવક ૧૯૯૫માં કુલ ઘરેલુ આવકના ૫૦.૨ ટકા હતી, ૨૦૨૧માં તેમનો હિસ્સો વધીને ૫૬.૩ ટકા થઈ ગયો. બીજી બાજુ સૌથી ગરીબ ૨૦ ટકાની ભાગીદારી ૫.૯ ટકાથી ઘટીને ૩.૩ ટકા થઈ ગઈ. એટલે સુધી કે, આ સૌથી ગરીબ ૨૦ ટકામાં શહેરોમાં રહેતા લોકો, ગામડાની સરખામણીએ વધારે પ્રભાવિત થયા છે. આંકડાઓથી જાણવા મળે છે કે, શહેરોમાં ગરીબોની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે. જ્યારે ૨૦૧૬માં સૌથી ગરીબ ૨૦ ટકા લોકોમાંથી ૯૦ ટકા લોકો ગામડાઓમાં હતા. આ સંખ્યા ૨૦૨૧માં ઘટીને ૭૦ ટકા થઈ ગઈ. બીજી બાજુ શહેરી ક્ષેત્રોમાં સૌથી ગરીબ ૨૦ ટકાની ભાગીદારી લગભગ ૧૦ ટકાથી વધી ગઈ છે.

## ગણતંત્ર દિવસની પરેડને લઈને ગાઈડલાઈન, પરેડમાં ફૂલ્લી વેક્સિનેટેડ લોકો જ આવી શકશે



નવીદિલ્હી,

ગણતંત્ર દિવસની પરેડને હવે ગણતરીના દિવસ રહ્યા છે ત્યારે કોરોનાકાળમાં કોઈ ચૂક ન થાય આથી નવી ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. ગણતંત્ર પરેડમાં સામેલ થનારા લોકો ફૂલ્લી વેક્સિનેટેડ હશે તો જ તેમને અન્ટ્રી મળશે. ૧૫ વર્ષથી નાની ઉમરના બાળકો સમારોહમાં આવી શકશે નહી.

દિલ્હી પોલીસે સોમવારે નવી ગાઈડલાઈન જારી કરીને કહ્યું કે કોવિડ-૧૯ની રસી લીધેલાને જ ૨૬ જાન્યુઆરીએ રાજપથ ખાતે યોજાનારી પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં હાજર રહેવા દેવામાં આવશે. જેઓએ બંને ડોઝ લીધા છે તેમને જ હાજર રહેવાની મંજૂરી છે અને ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ઈવેન્ટમાં હાજરી આપવાની મંજૂરી નથી.

રાજપથ પર આયોજિત કાર્યક્રમ દરમિયાન, લોકોને માસ્ક લગાવવા, સામાજિક અંતર જાળવવા અને કોવિડ સંબંધિત તમામ પ્રોટોકોલનું પાલન કરવું પડશે. પોલીસે ટ્વિટ કર્યું કે સમારંભમાં હાજરી આપવા માટે કોવિડ-૧૯ રસીના બંને ડોઝ લેવા જરૂરી છે. મુલાકાતીઓને વિનંતી કરવામાં આવે છેપોલીસે જણાવ્યું હતું કે ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ગણતંત્ર દિવસની ઉજવણીમાં ભાગ લેવાની મંજૂરી નથી. નોંધનીય છે કે કોવિડ રસી અભિયાન ગયા વર્ષે ૧૬મી જાન્યુઆરીના રોજ શરૂ કરવામાં આવ્યું હતું અને આ મહિનાથી ૧૫-૧૮ વર્ષની વય જૂથના કિશોરો માટે પણ તેની શરૂઆત કરવામાં આવી છે.

દિલ્હી પોલીસે ગાઈડલાઈનમાં જણાવ્યું હતું કે મુલાકાતીઓ માટે સવારે ૭ વાગ્યે બેસવા માટે વિભાગો ખોલવામાં આવશે અને તેઓ તે મુજબ પહોંચશે. પોલીસે જણાવ્યું હતું પાર્કિંગની જગ્યા મર્યાદિત હોવાથી, મુલાકાતીઓને કાર પૂલ કરવા અથવા ટેક્સીઓનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે.

પોલીસે લોકોને માન્ય ઓળખ આપી તેમને પત્ર લાવવા અને સુરક્ષા તપાસમાં સહકાર આપવા પણ વિનંતી કરવામાં આવી છે. પોલીસે ટ્વિટ કર્યું છે કે રિમોટ કંટ્રોલ કારના લોકની ચાવી દરેક પાર્કિંગ એરિયામાં રાખવી પડશે. દિલ્હી પોલીસ કમિશનર રાકેશ અસ્થાનાએ રવિવારે કહ્યું કે રાજધાનીમાં ગણતંત્ર દિવસના અવસર પર સુરક્ષા માટે ૨૭ હજારથી વધુ પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે.

તેમણે નાયબ પોલીસ કમિશનર, મદદનીશ પોલીસ કમિશનર અને ઈન્સ્પેક્ટર, સબ ઈન્સ્પેક્ટર રેંકના અધિકારીઓને સુરક્ષાની જવાબદારી સોંપી છે. અસ્થાનાએ કહ્યું કે સશસ્ત્ર પોલીસ દળો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના કમાન્ડો, અધિકારીઓ અને જવાનોને પણ તૈનાત કરવામાં આવ્યા છે.

ગણતંત્ર દિવસ પર સુરક્ષા વ્યવસ્થા અંગે મીડિયા સાથે વાત કરતા અસ્થાનાએ કહ્યું હતું કે દિલ્હીમાં ૭૧ ડીસીપી, ૨૧૩ એસીપી અને ૭૫૩ ઈન્સ્પેક્ટરનો સમાવેશ થાય છે. પરેડની સુરક્ષા માટે ૨૭,૭૨૩ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. તેમને મદદ કરવા માટે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સની ૬૫ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. છેલ્લા બે મહિનામાં દિલ્હી પોલીસે અન્ય સુરક્ષા એજન્સીઓ સાથે સંકલન કરીને આતંકવાદ વિરોધી પગલાંને વધુ મજબૂત બનાવ્યા છે.

## કશ્મીરમાં આતંકીઓ પાસે પહોંચ્યા અમેરિકી સેનાના હથિયાર

નવીદિલ્હી,

અફઘાનિસ્તાનમાંથી અમેરિકી સેના સંપૂર્ણપણે નીકળી ગઈ હતી. પરંતુ અફઘાનિસ્તાનમાં અમેરિકી સેના હથિયાર છોડતી ગઈ હતી અને તેનો જ લાભ ઉઠાવ્યો તાલિબાને. તાલિબાન અમેરિકી સેનાના હથિયારો આતંકીઓને વેચીને તમાશો જોઈ રહ્યું છે.

અફઘાનિસ્તાનમાં તાલિબાનીઓનું રાજ છે. આ તાલિબાનીઓ પોતે આતંકીઓ હોવાનો પુરાવા આપવાનું ક્યારેય છોડતા નથી. ત્યારે અમેરીકી સેનાના હથિયાર આતંકીઓને વેચ્યા હોવાનું સામે આવતા તાલિબાનીઓની હલકી રાજનીતિ છતી થઈ છે. કાશ્મીરમાં આતંકીઓ પાસે અમેરિકી સેનાના હથિયાર પહોંચ્યા હોવાનુ સામે આવ્યુ છે. ISI આ હથિયારોને કશ્મીરમાં આતંકીઓને મોકલી રહ્યું છે. અમેરિકી સેનાએ અફઘાનિસ્તાન છોડતાં તાલિબાન ચીન અને ISIને સૈન્ય હથિયાર વેચી રહ્યા છે. આતંકી સંગઠન પીએએફએફના વાયરલ વીડિયોમાં અમેરિકી હથિયાર જોવા મળ્યા હતા. આતંકી સંગઠને કેટલાક આતંકીઓના હથિયાર સાથે પણ ફોટા અપલોડ કર્યા છે. વળી આતંકીઓનો દાવો પણ છે કે પૂંછમાં થયેલા હુમલામાં આતંકીઓએ અમેરિકી સૈન્યના હથિયારોનો ઉપયોગ કર્યો હતો. તાલિબાનીઓએ અફઘાનિસ્તાન પર કબજો કરતા અમેરિકી સેનાએ અફઘાનિસ્તાનમાંથી એક્ઝિટ લેવી પડી લીધી હતી. ઓગષ્ટ ૨૦૨૧માં અમેરિકી સેનાનું છેલ્લુ હેલિકોપ્ટર અફઘાનિસ્તાનમાંથી ઉડ્યુ હતુ. જો કે આ સમયે અમેરિકી સેના પરત ફરી ત્યારે અફઘાનિસ્તાનમાં ૮૦ મિલિયન અમેરિકી ડોલરના હથિયાર છોડીને ગઈ હતી. જેમાં ૬ લાખથી વધુ મશીન ગન, પિસ્તોલ, ગ્રેનેડ લોન્ચર જેવા હથિયારોનો સમાવેશ થાય છે.

જમ્મુ કાશ્મીરમાં સૈન્ય અને આતંકીઓ વચ્ચે મૂઠભેડ ચાલતી રહે છે. જેમાં છેલ્લા બે સપ્તાહમાં જવાનોએ કાશ્મીરમાં ૧૪ આતંકીઓને ઠાર માર્યા જેમાંથી ૬ આતંકીઓ પાકિસ્તાની હતા.અહીં નવાઈની વાત તો એ છે કે ઠાર કરાયેલા આતંકીઓ પાસે અમેરીકી હથિયારો મળી આવ્યા હતા.

## ભારે હિમ વર્ષાનાં કારણે હિમાચલ પ્રદેશમાં જન જીવન અસ્તવ્યસ્ત

શિમલા,

હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષાનાં કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. શનિવાર સાંજ અને રવિવારે દિવસભર ભારે હિમવર્ષાનાં કારણે રાજ્યની લાઈફલાઈન ખરાબ રીતે પ્રભાવિત થઈ છે. માર્ગ, રેલ અને હવાઈ માર્ગો ખોરવાઈ જવાને કારણે મોટી સંખ્યામાં પ્રવાસીઓ પ્રવાસન સ્થળોએ અટવાઈ પડ્યા છે.અહી હોટલમાં બધા સુરક્ષિત છે પરંતુ તેમની મુશ્કેલીઓ ચોક્કસ વધી ગઈ છે. રવિવાર સાંજ સુધી, ચાર રાષ્ટ્રીય ધોરીમાર્ગો મનાલી-કેલોંગ-લેહ, અની-જાલોરી દર્રા-કુલ્લ, શિમલા-રામપુર અને સિરમૌર અને ૭૩૧ રસ્તાઓ પરની અવરજવર સંપૂર્ણપણે ઠપ રહી હતી. આ હિમ વર્ષાથી ૫૫૦ માર્ગો પ્રભાવિત થયા છે. ભારે હિમવર્ષાનાં કારણે શિમલા, મંડી, ચંબા, કુલ્લુ, લાહૌલ-સ્પીતિ, સિરમૌર અને કિન્નૌર જિલ્લા મુખ્યાલયનો ઘણા વિસ્તારોમાંથી સંપર્ક કપાઈ ગયો છે. એએસપી કાંગડા પુનીત રઘુએ માહિતી આપી હતી કે, ૪ છોકરાઓ ટ્રેકિંગ માટે ગયા હતા અને મોડી સાંજ સુધી પરત આવ્યા ન હોતા. આ અંગેની માહિતી મળતાં પ્રતિકૂળ પરિસ્થિતિમાં તપાસ તેજ કરવામાં આવી હતી, ત્યારબાદ બીજા દિવસે એટલે કે રવિવારે બે છોકરાઓનાં મૃતદેહ મળી આવ્યા હતા અને અન્ય બે છોકરાઓની હાલત ગંભીર જોવા મળી હતી, કારણ કે ઊંચા સ્થાનેથી ખાડામાં પડી જવાથી તેમને ઘણી ઈજાઓ થઈ હતી. જો કે બંનેની હાલત સ્થિર છે અને હોસ્પિટલમાં ઘાયલોની સારવાર ચાલી રહી છે.

કાંગડાનાં ડીસી નિપુન જિંદલે જણાવ્યું કે, સ્લેટ ગોડાઉન પાસે શનિવાર રાતથી ૧૬, ૧૭ અને ૧૮ વર્ષની વયનાં ૪ છોકરાઓ ગુમ હોવાનું કહેવાય છે. સર્ચ અને રેસ્ક્યુ ટીમોએ ગુમ થયેલા યુવાનોને શોધી કાઢ્યા છે, પરંતુ પ્રદેશમાં સતત હિમવર્ષાનાં કારણે તેમને બહાર કાઢવામાં પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. હિમાચલની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ જણાવ્યું કે, રાજ્યમાં ૧૦૨ પાણી પુરવઠા યોજનાઓ ખોરવાઈ ગઈ છે. આ સાથે ૧૩૬૫ વીજ પુરવઠા યોજનાઓ પણ પ્રભાવિત થઈ છે. છેલ્લા ત્રણ દિવસથી દેશનાં મોટા ભાગોમાં હવામાનની પેટર્ન બગડી છે. કડકડતી શિયાળાની વચ્ચે વાદળોએ ધામા નાખ્યા છે અને અમુક જગ્યાએ સતત હળવો વરસાદ વરસી રહ્યો છે. વરસાદની સાથે સાથે ઘણી જગ્યાએ ગાઢ ધુમ્મસ પણ છે. હિમાચલ-ઉત્તરાખંડથી લઈને દિલ્હી, યુપી, એમપી, બિહાર અને બંગાળ સુધી આવુ જ વાતાવરણ છે. શિયાળાની ઋતુમાં પડી રહેલા વરસાદને કારણે ધ્રુજારી વધી છે.

## ગણતંત્ર દિવસ પર દિલ્હીમાં કાશ્મીરનો ઝંડો ફરકાવવાની ધમકી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટના વકીલોને સોમવારે ફરી એક વખત અજાણ્યા નંબર પરથી એક ઓટોમેટેડ કોલ (સ્વચાલિત કોલ) આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે, ગણતંત્ર દિવસ પર દિલ્હીમાં કાશ્મીરનો ઝંડો ફરકાવવામાં આવશે. સુપ્રીમ કોર્ટના કેટલાક એડવોકેટ ઓન રેકોર્ડ (એઓર)ને કરવામાં આવેલા આ કોલમાં કોલરે પોતે ઈન્ડિયન મુજાહિદિનનો સદસ્ય હોવાનો દાવો કર્યો હતો. તેણે કહ્યું હતું કે, કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવા માટે સુપ્રીમ કોર્ટ એટલી જ જવાબદાર છે જેટલી મોદી સરકાર છે. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટના વકીલોને અગાઉ પણ અજાણ્યા નંબર પરથી કોલ આવ્યા હતા. વકીલોને આ મહિનાની શરૂઆતમાં યુનાઈટેડ કિંગ્ડમ અને કેનેડાના અજાણ્યા નંબરો પરથી કોલ આવ્યા હતા જેમાં પંજાબના હુસૈનવાલા ફ્લાઈઓવર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષાના ઉલ્લંઘનની જવાબદારી સ્વીકારવામાં આવી હતી. તે વખતે કોલરે 'શીખ ફોર જસ્ટિસ'ના સદસ્ય હોવાનો દાવો કર્યો હતો. તે સમયે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોને એક બિનસરકારી સંગઠન 'લોયર્સ વોઈસ' દ્વારા દાખલ જનહિત અરજી પર સુનાવણીથી અંતર જાળવવાની ચેતવણી પણ આપવામાં આવી હતી. લોયર્સ વોઈસે વડાપ્રધાનની સુરક્ષા ભંગની તપાસની માગણી કરી હતી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. વી. ખાંટ

મુ. વીરણીયા, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી મોજરી દૂધ ઉત્પાદક સહ. મંડળી

મુ. મોજરી, તા. મોરવા(હ)

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# મહીસાગર જિલ્લાની બાલિકાઓએ રાષ્ટ્રીય બાલિકા દિવસ ઉજવણી અંતર્ગત વર્ચ્યુઅલ જોડાઇને પરિસંવાદમાં ભાગ લીધો

લુણાવાડા, મહિલા બાળ કલ્યાણ વિભાગનો સ્વતંત્ર્ય હવાલો ધરાવતા રાજ્ય મંત્રી મનીષાબેન વકીલે જણાવ્યું છે કે, સશકત સમાજના નિર્માણ માટે મહિલા બાળ જાતિદરને પ્રોત્સાહન આપવુ અત્યંત અનિવાર્ય હોઈ, સમાજના સૌ નાગરિકો આ માટે સંકલ્પબધ્ધ બને એ આજના સમયની તાતી જરૂરિયાત છે. તેમણે દીકરાઓના જન્મ, શિક્ષણ અને સલામતી માટે દિકરીઓ પ્રત્યેની સંકુચિત જાતિગત માનસિકતામાં બદલાવ લાવી એક સ્વસ્થ અને સમાન રાષ્ટ્રની રચનામાં ભાગીદાર બનવા પણ આહવાન કર્યુ હતું.

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી નિમિત્તે યોજાયેલ રાજ્યકક્ષાના વર્ચ્યુઅલ યોજાયેલ કાર્યક્રમમાં મહીસાગર જિલ્લાના અધિકારીઓ અને બાલિકાઓએ કલેકટર કચેરી ખાતેના વીડિયો કોન્ફરન્સમાં હોલમાં હાજર રહી સહભાગી બનીને પરિસંવાદમાં ભાગ લીધો હતો.

દિકરીઓ સાથે સંવાદ કરતા મંત્રી વકીલે જણાવ્યુ હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં 'બેટી બચાવો બેટી પઢાવો' અભિયાન શરૂ કરીને દેશને નવો રાહ ચીધ્યો હતો અને આજે દેશભરમાં આ અભિયાન ચાલી રહ્યુ છે, જે આપણા માટે ગૌરવરૂપ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ અભિયાનને વધુ વેગવાન બનાવીને દિકરીઓના જન્મ માટે જનજાગૃતિ કેળવવા સંનિષ્ઠ પ્રયાસો રાજ્ય સરકાર કરી રહી છે ત્યારે રાજયના નાગરિકો પણ સહભાગી બનીને સક્રિય યોગદાન આપે એ જરૂરી હોવાનું કહ્યું હતું.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મંત્રીએ આ અભિયાનનો મુખ્ય હેતુ દિકરી જન્મને પ્રોત્સાહન, દિકરીઓમાં માધ્યમિક શિક્ષણનું પ્રમાણ વધે તે સુનિશ્ચિત કરવાનું તથા દીકરીઓની સુરક્ષા અને સલામતીનો છે. દીકરીઓના જન્મને પ્રોત્સાહન માટે શરૂ કરાયેલ આ અભિયાન અંતર્ગત જન સમુદાયમાં જાગૃતી ફેલાવવા રાજ્ય તથા જિલ્લા/તાલુકા કક્ષાએ વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે. જેના પરિણામે રાજયમાં ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ દર ૧૦૦૦ દીકરાઓએ દીકરીઓની સંખ્યા ૮૯૦ હતી, જે હવે વર્ષ ૨૦૧૯-૨૦માં નેશનલ ફેમીલી હેલ્થ સર્વે ગત્રઈજ ૫ મુજબ વધીને ૯૫૫ થયો છે એ આપણા માટે ગૌરવરૂપ હોવાનું જણાવ્યું હતું.

મંત્રીએ આ પરિસંવાદમાં કચ્છ જિલ્લા દ્વારા એક નવતર પ્રયોગ હાથ ધરીને ગ્રામ્યકક્ષાએ બાલિકા પંચાયતની રચના કરવામાં આવી છે. આ બાલિકા પંચાયતએ કિશોરીઓનું એક મંડળ છે. જેમાં સરપંચથી લઈને ગ્રામ પંચાયતના વોર્ડ મુજબ તમામ સભ્યોમાં બાલિકાઓ પ્રતિનિધિત્વ ધરાવે છે. આ મંડળ દ્વારા ગામમાં શિક્ષણ, આરોગ્ય, પોષણ, રમત-ગમત જેવા વિવિધ મુદ્દાઓ પર કાર્ય કરી દરેક ક્ષેત્રે કિશોરીઓનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરે છે. ગ્રામ પંચાયતની ચૂંટણી મુજબ બાલિકા પંચાયતની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

મહિલા અને બાળવિકાસ વિભાગના સચિવ વ-કમિશ્નર કે.કે.નિરાલાએ રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણીનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યુ હતું કે, ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા દિકરી જન્મ તેમજ શિક્ષણને પ્રોત્સાહન આપવા, બાળ લગ્ન નાબૂદ કરવા, દિકરીઓના કાનૂની અધિકારો, પોષણ અને તબીબી સંભાળ, સંરક્ષણ અને સન્માન સુનિશ્ચિત કરવા તેમજ તે પરત્વે જાગૃતિ લાવવા વર્ષ ૨૦૦૮ થી તા.૨૪ મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય દિકરી દિવસની ઉજવણી કરવામાં આવતી હોવાનું જણાવ્યું હતું.

રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમમાં રાજ્યના તમામ જિલ્લાઓમાંથી ૧૦ દિકરીઓ મળી કુલ ૩૬૦ જેટલી દિકરીઓ તેમજ મહિલા અને બાળ અધિકારીની કચેરીના અધિકારી અને કર્મચારીઓએ વર્ચ્યુઅલ માધ્યમથી સહભાગી બનીને પરિસંવાદ કરી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડીને રાજયની દિકરીઓને વધુ પ્રોત્સાહિત કરવા માટે વિવિધ સ્પર્ધાત્મક કાર્યક્રમો આયોજીત કરવા તેમજ રાજયમાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી/સિધ્ધિઓને રાજ્ય સ્તરે બિરદાવવા તેમજ રાજ્યના તમામ જિલ્લાઓમા બાલિકા પંચાયત માળખું ઉભુ કરવા જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર ખાતેથી વર્ચ્યુઅલ માધ્યમથી મહિલા અને બાળ વિકાસ વિભાગના નિયામક ડો.જિન્સી રોય એ શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપીને દિકરીઓના જન્મદર પ્રત્યે વધુ જાગૃત થવા અપીલ કરી હતી અને અધિક કમિશ્નર સિધ્ધિ પટેલે જયારે લુણાવાડા ખાતે દહેજ પ્રતિબંધ અધિકારી પંકજભાઇ પટેલે આભારવિધિ કરી હતી.

રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમમાં લુણાવાડા ખાતે વર્ચ્યુઅલ માધ્યમથી દહેજ પ્રતિબંધ અધિકારી પંકજ પટેલ, ફિલ્ડ ઓફિસર રજનીશ પટેલ, સખી વન સ્ટોપ સેન્ટરના સંચાલક, સ્પેશિયલ શિક્ષક રમેશભાઈ સોલંકી, દિવ્યાંગ રમતવીર કુ. રાધાબેન મછાર અને કુ. હીનાબેન ઠાકોર તેમજ વિવિધ ક્ષેત્રે સિધ્ધિ હાંસલ કરનાર બાલિકાઓ સહિત અધિકારીઓ-કમર્ચારીઓએ ઉપસ્થિત રહીને પરિસંવાદમાં ભાગ લઇ રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી નિમિત્તે હું મારા પરિવાર અને સમાજમાં દીકરીના જન્મને આવકારીશ. હું હંમેશા સ્ત્રી શકિતનંર આદર-સન્માન કરીશ અને તેઓ આત્મનિર્ભર બને તે માટે પૂરતા પ્રયત્નો કરીશ તેમજ દીકરીના શિક્ષણ અને સલામતીને સુનિશ્ચિત કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

## કોન્ટ્રાકટટરના ભૂલના કારણે ચોકડી ચાર રસ્તા થી લઈને વરધરી રોડ સુધીનો નવીન માર્ગ લુણાવાડા નહીં લાલદરવાજા બન્યો

લુણાવાડા, લુણાવાડા નગર પાલિકા વિસ્તારમાં છેલ્લા એક વર્ષથી ચોકડી ચાર રસ્તા થી વેરી હનુમાન સુધી નવીન રોડ અને ગટરની કામગીરી વર્લ્ડ બેંક દ્વારા શિવાલયા કન્સસ્ટ્રકશન દ્વારા તે કામગીરી કરવામાં આવી રહી છે. આ રોડ પાલિકા વિસ્તારની એ-૧ ગ્રેડ સોસાયટી વિસ્તારને જોડતો રોડ છે. સદર રોડ પર મહીસાગર જીલ્લા સેવા સદન, જીલ્લા પંચાયત, અને જીલ્લા કોર્ટ તેમજ અધિકારીઓના આવાસો પણ ત્યાં આવેલા છે અને તેમની ગાડીઓની અવર-જવર પણ તેજ રોડે હોય છે. કેટલીય સોસાયટી પણ આવેલ છે, તેમજ લુણાવાડા તાલુકા ધારાસભ્યનું મકાન તે રોડ પર આવેલ છે. ત્યારે આવી ગંભીર કોન્ટ્રાકટટરોની ભૂલનાના કારણે વરસાદી ગટરો કોઈપણ પ્રકારના નક્કર આયોજન વગર બનાવી દેવામાં આવી છે. ચાર ગટર હોવા છતા પણ તે ગટરમાં રીનોવેશન કરી ને યોગ્ય થઈ શકતું હતું તો પણ તેની બાજુમાં બીજી ગટર બનાવી પહેલા કરતાં રોડ પણ ટુંકો થયો અને લુણાવાડા ને લાલદરવાજા બનાવતા કોન્ટ્રાક્ટર પર સ્થાનિક રહીસો ગુસ્સે થાય છે, જ્યાં રોડ સાંકળો છે. ત્યાં પણ ગટરના મસમોટા ઢાંકણા એ પણ ઉબડ-ખાબડ મુકતા લોકો ને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જેના કારણે લોકો રોડ પર પાર્કિંગ કરી રહ્યા છે. તેનું સુપરવિજન પણ કોઈ સત્તાધીશપક્ષ કે પાલિકાના સત્તાધીસો દ્વારા કરવામાં આવ્યું નથી. તેવી બુમો ઉઠવા પામી છે. જેના કારણે ત્યાં રહેતા સામન્ય નાગરિકને હાલાકી વેઠવાવારો આવ્યો છે. ત્યારે હવે વોર્ડના સભ્યો અને કોન્ટ્રાક્ટરો દ્વારા કોઈ નિકાલ ન કરતાં દુકાનદારો ગટરના ઢાંકણા પાસે સ્લોપ બનાવવા મજબુર બન્યા છે. જેના થકી સમસ્યા વધુ ખરાબ અને અસ્કમાત જોન બની શકે છે. ત્યારે હજુપણ કેટલાક લોકો ગટરનો યોગ્ય નિકાલ આવે તેવી રાહ જોઈ રહ્યા છે.



**શિવાલયા કન્સસ્ટકશન દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીથી નગરના રહીશો ને ભારે હાલાકી વચ્ચે વોર્ડના પાલિકા સભ્યોને રજૂઆત છતા કોઈ પ્રતિઉત્તર નહી માત્ર આશ્વાસન**

### ૭૩ મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી

## કલેકટરના હસ્તે લુણાવાડા ખાતેના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે ૯:૦૦ કલાકે કરવામાં આવશે

લુણાવાડા, મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતેના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૭૩મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી સુચારૂં રીતે યોજાય તે માટેનું રિહર્સલ નિવાસી અધિક કલેકટર એ. આઇ. સુથારએ કર્યું હતું.

આ રિહર્સલમાં સુથારએ કલેક્ટરનું આગમન, દ્વજવંદન, પોલીસ ટૂકડી દ્વારા સલામી અને રાષ્ટ્રગાન, પરેડ નિરીક્ષણ, કલેકટરનું ઉદબોધન, વૃક્ષારોપણ સહિતનાં આયોજનોનું રિહર્સલ કર્યું હતું.

નિવાસી અધિક કલેકટરએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા યોજાનાર પોલીસ પરેડ નિહાળી હતી. આ ઉપરાંત કાર્યક્રમનાં દિવસે પદાધિકારી/અધિકારીઓ, પત્રકારો સહિત નાગરિકો માટેની બેઠક વ્યવસ્થા અંગેની જાણકારી મેળવી સુચારૂં વ્યવસ્થા ગોઠવવા માટેની સુચનાઓ સંબંધિત અધિકારીઓને આપી હતી.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આમ, જિલ્લા પ્રશાસન દ્વારા રાષ્ટ્રીય પર્વની ઉજવણીની તમામ તૈયારીઓ કોવિડ-૧૯ની ગાઇડલાઇનને અનુસરીને સંપન્ન કરી તેને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

રિહર્સલમાં ટ્રાફિક પોલીસ, પુરૂષ પોલીસ ટુકડી, મહિલા પોલીસ ટુકડી, હોમગાર્ડ હથિયારી, સહિતની ટૂકડીઓ દ્વારા પરેડ યોજવામાં આવી હતી. આ રીહર્સલ પ્રસંગે પ્રાંત અધિકારી મોડિયા, ડી.વાય.એસ.પી. પ્રજાપતિ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## સંતરામપુર પોલીસ મથકના વોન્ટેડ આરોપીને એસ.ઓ.જી.એ ઝડપી પાડયો

સંતરામપુર, મહિસાગર એસ.ઓ.જીસ પોલીસે સંતરામપુર પોલીસ મથકના પોસ્કો એકટના ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને બાતમીના આધારે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મહિસાગર એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે, સંતરામપુર પોલીસ મથકના પોસ્કોના આરોપી નરવતભાઈ મેમાભાઈ ચારેલ જે વોન્ટેડ અને નાસતો ફરતો હોય તે હાલ પોતાના ઘરે હાજર છે. તેના આધારે રેઈડ કરીને આરોપીને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ૧૦ દિવસમાં બીજીવાર માઉન્ટ આબુમાં તાપમાન ગગડીને માઈનસ ચાર ડીગ્રી

પાલનપુર, બનાસકાંઠાને અડીને આવેલા રાજસ્થાનના હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં ફરી એક વખત તાપમાન માઈનસ ચાર ડીગ્રીએ પહોંચ્યું છે, જેને પગલે પાણીના કુંડ-બગીચામાં બરફ છવાયો હતો. ગાડીઓના કાચ ઉપર બરફ છવાતાં માઈનસ તાપમાનમાં પણ સહેલાણીઓ માઉન્ટ આબુની ઠંડીની અનેરો અહેસાસ માણી રહ્યા છે.બનાસકાંઠા જિલ્લાને અડીને આવેલા રાજસ્થાનના માઉન્ટ આબુમાં ઠંડીનો પારો ફરીથી ગગડી માઈનસ ડીગ્રીએ પહોંચ્યો છે. છેલ્લા બે દિવસથી ઉત્તર ગુજરાત સહિત રાજસ્થાનના કેટલાક વિસ્તારમાં વાદળછાયા વાતાવરણને લઈ લઘુતમ તાપમાન વધ્યું હતું. જોકે ફરીથી ઉત્તર ગુજરાત સહિત રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં વાદળો હટતાં ફરી એક વખત ઠંડીનો પારો ગગડ્યો છે, જેમાં માઉન્ટ આબુમાં માઈનસ ચાર ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

## સંતરામપુરમાં સતત બીજા દિવસે તસ્કરોએ ત્રણ મકાનના તાળા તોડયા : લોકોમાં દહેશત

સંતરામપુર, સંતરામપુર નગરના બીજા દિવસે પણ ત્રણ મકાનના તાળા તૂટ્યા તસ્કરોન પોલીસ સામે ચેલેન્જ સંતરામપુર નગરમાં ચોરીની ઘટનાઓ દિવસે દિવસે બનાવો વધતા જાય છે. છેલ્લા પંદર દિવસમાં છ મકાનના તાળા તૂટચા ત્યારે આજે સંતરામપુર તાલુકાની નરસિંગપુરમાં આવેલી નંદનવન સોસાયટી અને ગોકુલધામ સોસાયટીમાં બંધ મકાનના તાળા તૂટ્યા હતા. દરવાજાના નકુચા અને મુખ્ય તાળા તોડીને ઘરમાં પ્રવેશ કરતા હોય છે. ખાસ કરીને બંધ મકાનની અંદર નિશાન બનાવતા હોય છે. બીજા દિવસે સંતરામપુરની અંદર મકાનના તાળા તોડીને ચોરી કરી હતી. ભાડુઆત અને મકાન માલિકે સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. ચોરીના બનાવમાં ચોરનો પોલીસ સામે પડકાર ફેંકી રહી છે. આજે પંદર દિવસની અંદર કુલ ૯ મકાનના તાળા તોડી અને ટાર્ગેટ બનાવ્યો. સંતરામપુર નગરમાં અલગ-અલગ સોસાયટી વિસ્તારોમાં ચોરીના બનાવો વધતા જાય છે. નગરમાં લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે, મોટી ગેંગ હોવાથી એકસમય પર અલગ અલગ સ્થળ ઉપર મકાનના તાળાં તૂટતાં હોય છે. નગરમાં ચર્ચાનો વિષય બન્યો.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

## સંતરામપુરના હિરાપુરના અકસ્માતમાં મૃતક ત્રણ યુવાનોની દફન વિધી કરાઈ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાના હીરાપુર ગામે અકસ્માતમાં ઘટનામાં ત્રણ યુવાનોની આજે અંતિમ દફનવિધિ કરાઈ. સંતરામપુર તાલુકાના હીરાપુર ગામે બસ અને મોટરસાયકલનો અકસ્માત સર્જાયો હતો. ત્રણેય યુવાનો સંતરામપુર ખાતે પોસ્ટમોર્ટમ કરીને વાંઝીયા ખુટ ગામે ડેમલી ફળિયા રહેતા ત્રણેય યુવાનોને અંતિમ વિદાય દફનવિધિ કરવા માટે તેમના વતનમાં લવાયા હતા. પરિવારને ગ્રામજનોમાં આવી કરૂણ ઘટના બનતા જ ગામ હિચકે બન્યું. પરિવારજનોમાં ભારે આઘાત અને સુખની લાગણી જોવાઈ રહી હતી. આખું ગામ હચમચી યુવાનોની એક સાથે અંતિમવિધિકરવા માટે આખું ગામ જોડાયું હતું. દફનવિધિ એક સાથે ત્રણની અલગ-અલગ દફનવિધિ કરવામાં આવેલી હતી. બે સગા ભાઈ અને એ કુટુંબીક આ ત્રણેની દફનવિધી કરાઇ હતી. વિકાસભાઈ સોમાભાઈ ખરાડી, અજય ખરાડી, જયદીપ લાલસીંગ ખરાડી ત્રણે યુવાનની અંતિમ વિધિ થઈ.

## સંતરામપુર બસ સ્ટેશનમાં મુસાફર મહિલાનું હાર્ટ એકેટથી મોત

સંતરામપુર, સંતરામપુરના એસટી બસોમાં ડેપોમાં એક મહિલાને હાર્ટ એટેક આવતા મોત નીપજ્યું હતું. સંતરામપુર નગરમાં આવેલું એસટી બસ ડેપોમાં ઝાલોદ-સંતરામપુર બસ ડેપોમાં બેઠેલી મહિલા બસ માંથી ઉતરીને બસ ડેપો માંથી બહાર નીકળવા જ હતા. અચાનક નીચે પડી ગયા હતા. તે દરમિયાન માટે એટેક આવવાથી એક મહિલાનું મોત નિપજયું હતું. આ ઘટના બનતા આજુબાજુના વેપારીઓ અને મુસાફરો દોડી આવ્યા હતા. ૧૦૮ને ફોન કરતા ઘટના સ્થળે ૧૦૮ પહોંચેલી હતી. ૧૦૮ ના કર્મચારીએ અને ડોક્ટરે તેમની તપાસ કરતા જ તેમનું મોત થઈ ગયું હતું. પૂછપરછમાં તેમના પરિવારોને મોબાઈલ નંબર શોધીને ઘટના સ્થળે થી તેમના પરિવારને બોલાવી મહિલાને સોપવામાં આવી હતી. આ બાબતની સંતરામપુર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી.



## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : દૈનિક વ્યવહારમાં મુશ્કેલી જણાશે, અગત્યના કામકાજમાં સાવધાની રાખવી, કારણ વગરની ચિંતાઓથી દૂર રહો, આવક-જાવક સમાંતર રહેશે.

વૃષભ (બ.વ.ઉ.) : સામાજિક કાર્યોમાં લાભ થશે, પારિવારિક પ્રવૃત્તિથી મન પ્રસન્ન રહેશે, સંતાનોના પ્રશ્નોમાં ચિંતા અનુભવશો, વ્યવસાયમાં સારો લાભ થશે.

મિથુન (ક.છ.ઘ.) : પારિવારિક જીવન સુખમય બનશે, ધંધાને લગતા કામમાં લાભ થશે, વડીલો તરફથી આશીર્વાદ મળશે, ધંધામાં નવી તકો મળશે

કર્ક (ડ.હ.) : આર્થિક બાબતોમાં લાભ થશે,માનસિક ઉદ્વેગ અનુભવશો, સમજદારીથી કરેલા કામથી લાભ જણાશે, નાના-મોટા રોકાણમાં લાભ થશે.

સિંહ (મ.ટ.) : સાધારણ કામનું બંધન રહેશે, આર્થિક બાબતમાં થોડી તકલીફ થશે, અકારણ ચિંતા નુકસાન કરાવશે, પરિવારમાં સામાન્ય ખટરાગ જણાશે.

કન્યા (પ.ઠ.ણ.) : પરિવારનો સંપૂર્ણ સ્નેહ મેળવશો, ખર્ચના પ્રમાણમાં સાધારણ વધારો જણાશે, નવા રોકાણમાં લાભ જણાશે, દામ્પત્ય જીવનમાં મતભેદ જણાશે.

તુલા (ર.ત.) : આવકની નવી તકો પ્રાપ્ત થશે, શાસન સત્તાનો સહયોગ મળશે, માનસિક ચંચળતા ઉપર કાબૂ રાખવો, ભાગીદારીવાળા કામમાં સાચવવું.

વૃશ્ચિક (ન.ય.) : આર્થિક બાબતોમાં સારો લાભ થશે, વાણી પર સંયમ રાખી કામ કરવું, અકારણ ખર્ચાઓમાં સાવધાની રાખવી, આપના કામમાં યશ મળશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : વ્યક્તિગત કામકાજમાં પ્રગતિ થશે, મહેનતના પ્રમાણમાં સારું ફળ મળશે, પરિવારનો ઉત્તમ સ્નેહ અને સહકાર મળશે, વ્યવસાયિક બાબતોમાં લાભ થશે.

મકર (ખ.જ.) : આર્થિક બાબતોમાં અનુકૂળતા જણાશે, કામના સ્થળે આનંદ મળશે, ભાગ્યોદય માટે ઉત્તમ તકો મળશે, જીવનસાથી-પ્રિયજનનો ઉત્તમ સ્નેહ મળશે.

કુંભ (ગ.શ.સ.ષ.) : સકારાત્મક વિચારો લાભ કરાવશે, પ્રેમ સંબંધોમાં અનુકૂળતા જણાશે, તબિયતની બાબતમાં સાચવીને કામ કરવું, પરિવારમાં સાધારણ ક્લેશ જણાશે.

મીન (દ.ચ.ઝ.થ.) : આર્થિક ક્ષેત્રમાં અનુકૂળતા જણાશે, પરિવારનો સારો સહયોગ મળશે, વ્યવસાયમાં સામાન્ય ચિંતા રહેશે, વિરોધીઓથી સાવધાની રાખવી.

દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# પીપલોદ બજારમાં ખુલ્લેઆમ વિદેશી દારૂનું ચાલતાં વેચાણ ઉપર વિજિલન્સના દરોડામાં એકની ધરપકડ

- દે.બારીયાના પીપલોદ ગામે સ્ટેટ વિજિલન્સના દરોડામાં વિદેશી દારૂ સાથે ઝડપાયેલા બુટલેગર કોરોના પોઝિટિવ આવતા કોવીડ સેન્ટરમાં ખસેડાયો.
- બે પોલિસ કર્મી હોમ કોરાંટાઈન અન્ય પોલીસ સહિત લોકોમાં ફફડાટ.

પીપલોદ પોલીસ મથકના વિસ્તારમાં વિદેશી દારૂની હેરાફેરી અને જુગાર એક હબ સમાન ગણાય છે. ત્યારે આ પીપલોદ ગામની વચ્ચે ખુલ્લે આમ વિદેશી દારૂનો વેપલો ચાલતો હોઈ અને સ્ટેટ વિજિલન્સની રેડ થી સ્થાનિક પોલિસમાં ખળભળાટ મચી જવા પામેલ છે. ત્યારે સ્થાનિક પી.એસ.આઈ. રજા ઉપર ઉતરી ગયા હોવાનું કહેવાય રહ્યું છે. ત્યારે આ પીપલોદ ગામમાં આટલો મોટા વિદેશી દારૂનો વ્યાપલો ખુલ્લે આમ ધમધમી રહ્યો હોઈ જેની પાછળ કયા ગોડ ફાધરનો હાથ હસે જેને લઈ ચાલતી અનેક ચર્ચાઓ.

દે.બારીયા, દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ બજારમાં ખુલ્લેઆમ વિદેશી દારૂનો અડ્ડા ઉપર સ્ટેટ વિજિલન્સના દરોડામાં ઝડપાયેલા બુટલેગર કોરોનો પોઝીટીવ બે પોલીસકર્મી કોરોંટાઈન અન્ય પોલીસ સહિત લોકોમા ફફડાટ.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારિયા તાલુકાના પિપલોદ બજારમાં ગણેશ કોમ્પ્લેક્સની પાછળ ખુલ્લે આમ વિદેશી દારૂનો વેપલો થતો હોવાની બાતમી ગાંધીનગર સ્ટેટ વિજિલન્સ પોલીસને મળતા સ્ટેટ વિજિલન્સ પોલિસે બાતમી વાળી જગ્યાએ રેડ કરતા એક ઈસમ ભાવેશ હીરાભાઈ ભરવાડ વિદેશી દારૂનો વેપલો કરતો વિદેશી દારૂ તેમજ એક મોટરસાઈકલ તેમજ દારૂનું વેચાણ કરેલા રોકડ રૂપિયા સાથે તેને ઝડપી પાડી તેની વધુ પૂછ પરછમાં આ વિદેશી દારૂનો મુખ્ય સૂત્રધાર મિલન ભરવાડ અને વધુ દારૂનો જથ્થો પંચેલા ગામના ભરવાડ ફળિયામાં તેના જુના ઘરે મુકેલો હોવાનું જણાવતા પોલીસે આ ભાવેશ ભરવાડને સાથે રાખી પોલીસે તપાસ હાથ ધરી વધુ દારૂનો જથ્થો ઝડપી પાડી વિદેશી દારૂ સહિત કુલ રૂપિયા ૧,૧૯,૮૨૦/- નો મુદ્દા માલ ઝડપી પાડયો હતો. ત્યારે આ ભાવેશ ભરવાડ વિરૂદ્ધ સ્ટેટ વિજિલન્સ પોલીસે પ્રોહી એક્ટ મુજબનો ગુન્હો નોંધી તેને હાલ ચાલી રહેલા કોરોનાની મહામારીને લઈ સરકારની ગાઈડ લાઈન મુજબ પકડાયેલા ઈસમ ભાવેશ ભરવાડનું કોરોનાનો રીપોર્ટ કરાવતા તેને કોરોના પોઝીટીવ આવતા ભાવેશ ભરવાડને દેવગઢ બારીઆ સરકારી હોસ્પિટલમાં કોવિડ સેન્ટરમાં મોકલી આપવામાં આવ્યો હતો. જ્યારે આ ભાવેશ ભરવાડનો કોરોનાનો રીપોર્ટ પોઝીટીવ આવતા સ્થાનિક પોલીસના બે માણસો પણ હોમ કોરોંટાઈન થયા હોવાનું કહેવાઈ રહ્યું છે. ત્યારે હાલ આ વિદેશી દારૂની તપાસનો દોર અટકી ગયો હોઈ અને આ વિદેશી દારૂનો વેપલો કરનારને કોરોનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાની વાતને લઈ અન્ય પોલીસ કર્મી સહિત ગ્રામજનોમાં પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ત્યારે આ સ્ટેટ વિજિલન્સની રેડની તપાસ ધાનપુર પોલીસને સોંપવામાં આવી છે.

## દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં બે વ્યક્તિના મોત

દાહોદ, દાહોદ જિલ્લામાં વિતેલા ચોવીસ કલાકની અંદર વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે અલગ અલગ બનાવોમાં બે જણાના મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ફતેપુરા તાલુકાના રૂપાખેડા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૩મી જાન્યુઆરીના રોજ એક આઈસર ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ ફતેપુરા તાલુકાના લીમડીયા ગામે માળી ફળિયામાં રહેતાં જેસીંગભાઈ ચુનીયાભાઈ ગરાસીયાને અડફેટમાં લેતાં જેસીંગભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાતાં તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે લીમડીયા ગામે માળી ફળિયામાં રહેતાં પ્રકાશભાઈ જેસીંગભાઈ ગરાસીયાએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના બાંસવાડા રોડ ઉપર બનવા પામ્યો હતો જેમાં ગત તા.૨૨મી જાન્યુઆરીના રોજ એક ફ્રુઝર ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ નારસીંગભાઈ (રહે. બાંસવાડા, રાજસ્થાન) ને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં નારસીંગભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતાં. જેને પગલે તેઓને શરીરે અને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે બાંસવાડા ખાતે રહેતાં ભરતભાઈ હુરજીભાઈ રાવતે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે. બારીયા તાલુકામાં તથા શહેરી પ્રા.શાળાઓમાં કોરોનાના કારણે બાળકો તો બંધ કર્યા છે પણ શિક્ષકોને હાજર રહેવાનું હોય પરંતુ દેખાતા નથી...?

દે.બારીયા, દે. બારીયા તાલુકામાં ૩૧ જાન્યુઆરી સુધી ગુજરાત સરકારની ગાઈડ લાઈન મુજબ પ્રા.શાળાના બાળકોને ઓનલાઈન તેમજ શેરી શિક્ષણ આપવામાં આવશે તેવો આદેશ જારી કરવામાં આવ્યો હતો. શેરી શિક્ષણનો અતોપતો નથી. ઓનલાઈન શિક્ષણ પણ આપવામાં આવતું નથી. જેથી વિદ્યાર્થીઓનું ભાવિ બગડી રહ્યું હોય તેમ કહેવું ખોટું નથી. તેની સામે શિક્ષકોને લહેર પાણી છે. આયા રામ ગયા રામ જેવું તંત્ર ચાલે છે. શિક્ષકોને કોઈ જ પુછવાવાળો નથી શું ? તેમની શાળામાં દૈનિક હાજરી રજીસ્ટર નિભાવવામાં આવતા નથી. શહેરની શાળાઓમાં શિક્ષકો દેખવામાં મળતા નથી. શાળાઓ ખુલ્લી દેખાય છે. વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો પણ હાજરી દેખવા મળતી નથી. શેરી શિક્ષણ કેવી રીતે આપતું હશે. આ માટે જીલ્લાના શિક્ષણ અધિકારીઓ માટે નોંધ લેશે ખરા કે પછી ચાલે છે... ચાલવાદોની નીતિ ચાલતી રહેશે. વિદ્યાર્થીઓના ભાવિનું ઘડતર કોણ કરશે આના માટે જવાબદાર કોને ઠેરવવા કોરોનાકાળની આડમાં ગુલ્લેબાજ શિક્ષકોમાં વધારો થવા પામ્યો છે. વિદ્યાર્થીઓન ભાવિ સાથે ચેડા નથી તો શું ? છે...

## દાહોદ જીલ્લામાં ૩૯ કરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ, દાહોદ જિલ્લામાં આજે ૩૯ કોરોના પોઝીટીવ કેસો નોંધાવા પામ્યાં છે. છેલ્લા બે દિવસથી કોરોના પોઝીટીવ કેસોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે જે રાહતના સમાચાર પણ છે. આર.ટી.પી.સી.આર.ના ૧૭૭૨ પૈકી ૧૫ અને રેપીટ ટેસ્ટના ૭૪૭ પૈકી ૨૪ મળી આજે કુલ ૩૯ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યાં છે. દાહોદ અર્બન વિસ્તારમાંથી ૯, દાહોદ ગ્રામ્યમાંથી ૦૩, ઝાલોદ અર્બનમાંથી ૦૩, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૪, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૨, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૬, લીમખેડામાંથી ૦૩, ગરબાડામાંથી ૦૩, ધાનપુરમાંથી ૦૧, ફતેપુરામાંથી ૦૨ અને સંજેલીમાંથી ૦૩ કેસોનો સમાવેશ થાય છે. આજે વધુ ૩૦ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૯૪૦ને પાર થઈ ગયો છે.

## ભારતીય અર્થવ્યવસ્થામાં તેજસ્વી પરિસ્થિતિઓની સાથે બ્લેક સ્પોટ્સ પણ છે : રઘુરામ રાજન



મુંબઈ, નાણાંકીય બાબતોના અગ્રણી નિષ્ણાત રઘુરામ રાજન મોદી સરકારના આકરા ટીકાકારોમાંના એક છે. તેઓ ખુલ્લેઆમ તેમના વિચારો રાખે છે. દેશના ભૂતપૂર્વ ગવર્નર અને જાણીતા અર્થશાસ્ત્રીએ કહ્યું કે 'કેલ્લ આકારની અર્થવ્યવસ્થાના પુનરુત્થાનને રોકવા માટે સરકારે કેટલાક વધુ પગલાં લેવાની જરૂર છે.રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને કેન્દ્ર સરકારને ચેતવણી આપી છે કે 'ભારતીય અર્થવ્યવસ્થામાં તેજસ્વી પરિસ્થિતિઓની સાથે બ્લેક સ્પોટ્સલ્લ છે, તેથી સરકારે તેના ખર્ચને કાળજીપૂર્વક 'લક્ષ્યલ્લ બનાવવાની જરૂર છે, જેથી રાજકોષીય ખાધને ખૂબ ઊંચા સ્તરે પહોંચતા અટકાવી શકાય. નાણાંકીય બાબતોના અગ્રણી નિષ્ણાત રઘુરામ રાજન મોદી સરકારના આકરા ટીકાકારોમાંના એક છે. તેઓ ખુલ્લેઆમ તેમના વિચારો રાખે છે. દેશના ભૂતપૂર્વ ગવર્નર અને જાણીતા અર્થશાસ્ત્રીએ કહ્યું કે 'કેલ્લ આકારની અર્થવ્યવસ્થાના પુનરુત્થાનને રોકવા માટે સરકારે કેટલાક વધુ પગલાં લેવાની જરૂર છે.

વ્યાપાર જગતમાં કે આકારના પુનરુત્થાનમાં ટેક્નોલોજી અને મોટી મૂડી કંપનીઓની સ્થિતિ મોટા અંતર પછી નાના વ્યવસાયો અને ઉદ્યોગો કરતાં વધુ ઝડપથી સુધરે છે. રાજને ઈ-મેલ ઈન્ટરવ્યુમાં કહ્યું, "અર્થતંત્ર વિશે મારી સૌથી મોટી ચિંતા મધ્યમ વર્ગ, નાના અને મધ્યમ ક્ષેત્ર અને અમારા બાળકો વિશે છે. દબાયેલી માંગમાંથી પ્રારંભિક પુનરુત્થાન પછી આ બધી વસ્તુઓ 'ખેલલ્લ માં આવશે."

રાજને કહ્યું કે આ બધાનું 'લક્ષણલ્લ નબળી ગ્રાહક માંગ છે. સામૂહિક ઉપભોક્તા માલની માંગ ઘણી નબળી છે. તેમણે કહ્યું કે અર્થવ્યવસ્થામાં ઘણી વખત તેજસ્વી પરિસ્થિતિઓ સાથે ડાર્ક સ્પોટ્સ હોય છે. તેજસ્વી વિસ્તારોની વાત કરીએ તો તેમાં હેલ્થ કેર કંપનીઓ આવે છે. આ સિવાય ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને તેને લગતા ઘણા ક્ષેત્રો જબરદસ્ત બિઝનેસ કરી રહ્યા છે. યુનિકોર્ન (યુનિકોર્ન – એક અબજ ડોલરથી વધુ મૂલ્યાંકન) ઘણા ક્ષેત્રોમાં રચાયા છે અને નાણાકીય ક્ષેત્રના કેટલાક ભાગો પણ મજબૂત છે.

રઘુરામ રાજને કહ્યું, "જ્યારે ડાર્ક સ્પોટ, બેરોજગારી, ઓછી ખરીદ શક્તિ (નિમ્ન મધ્યમ વર્ગમાં) આવે છે, ત્યારે નાની અને મધ્યમ કદની કંપનીઓનું નાણાકીય દબાણ આમાં આવે છે." આ સિવાય અંધારામાં ક્રેડિટની ધીમીતા. સ્પોટ. વૃદ્ધિ અને શિક્ષણ પણ આવે છે. તેમણે કહ્યું કે કોરોના રોગચાળાનું નવું સ્વરૂપ, ઓમિક્રોન, તબીબી અને આર્થિક બંને પ્રવૃત્તિઓ માટે મોટો આંચકો છે, પરંતુ તે જ સમયે તેમણે સરકારને 'કેલ્લ આકારના પુનરુત્થાન વિશે ચેતવણી આપી છે. રાજને કહ્યું કે આપણે કે આકારના પુનરુત્થાનને રોકવા માટે તમામ સંભવિત પગલાં લેવા જોઈએ.

ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્રનો વિકાસ દર નવ ટકા રહેવાનો અંદાજ છે. ગયા નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્રમાં ૭.૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીએ વર્ષ ૨૦૨૨-૨૩ માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કરશે. બજેટ પહેલા રાજને કહ્યું હતું કે બજેટ દસ્તાવેજ એ 'વ્યૂલ્લ છે. "હું ભારત માટે પાંચ કે ૧૦ વર્ષનું વિઝન જોવા માંગુ છું," તેમણે કહ્યું.


રાજને કહ્યું કે જ્યાં સુધી રોગચાળો આવ્યો ત્યાં સુધી ભારતની નાણાકીય સ્થિતિ સારી નહોતી. "આ જ કારણ છે કે નાણાં પ્રધાન હવે ખુલ્લા હાથે ખર્ચ કરી શકતા નથી." તેમણે કહ્યું કે સરકારે જ્યાં જરૂર હોય ત્યાં ખર્ચ કરવો જોઈએ. "પરંતુ આપણે સાવચેતીપૂર્વક ખર્ચ કરવાની જરૂર છે, જેથી રાજકોષીય ખાધ ખૂબ ઉપર ન પહોંચે." ફુગાવા અંગે, ભૂતપૂર્વ ગવર્નરે કહ્યું કે આ સમયે 'ફૂગાવોલ્લ વિશ્વના મોટાભાગના દેશો માટે ચિંતાનો વિષય છે અને ભારત આ કરી શકે નહીં. આમાં અપવાદ બનો. રઘુરામ રાજન હાલમાં શિકાગો યુનિવર્સિટીની બૂથ સ્કૂલ ઓફ બિઝનેસમાં પ્રોફેસર છે.

## દાહોદ લાયન્સ કલબ અને સખી મિશન હોસ્પિટલ ઉપક્રમે રસીકરણ કેમ્પનું આયોજન કરાયું




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, સોમવારના રોજ લાયન્સ કલબ ઓફ દાહોદ ગોદિરોડ લાયન્સકલબ ઓફ દાહોદ સખી મિશન હોસ્પિટલ દાહોદ અને જિલ્લા આરોગ્ય તંત્ર દાહોદ ના સહયોગ થી વોર્ડનંબર ૧ ગોદિરોડ મિશન હોસ્પિટલ ખાતે કોરોનાં રસીકરણ કેમ્પનું આયોજન થયું. મોટી સંખ્યામાં લાભાર્થી ૬૦ વર્ષ ઉપર ના વડીલો અને ૧૫ વર્ષ ઉપર ના બાળકો એ લાભ લીધો. હાલ માં કેમ્પ ચાલુ છે. ગોદિરોડની જનતાને મહત્તમ લાભ લેવા અપીલ લાયન્સકલબ દાહોદ ગોદિરોડ પરિવાર અપીલ કરે છે. હાલ માં ૬૦ વર્ષ ઉપર નાં ૫૫ વ્યક્તિને ૧૫ થી ૧૮ વર્ષ નાં ૧૦ વ્યક્તિને પ્રથમ અને બીજો ડોસ જેમનો બાકી છે. એવા ૪૫ વ્યક્તિઓ મળી કુલ ૧૧૦ લોકોને રસી આપવામાં આવી છે. કાર્યક્રમમાં લાયન્સ ઈન્ટરનેશનલ ડી.૩૨૩૨F1 ના લીડરશીપ ચેરમેન લા.સત્યેન્દ્ર સિંહ સોલંકી. રિજીયન ચેરમેન લા.કમલેશભાઈ લીંબચીયાની વિશેષ ઉપસ્થિતી રહી હતી.



લાયન્સ કલબ દાહોદ ઓફ સીટી દ્વારા અત્યારના કડકડતી ઠંડીના માહોલમાં ઠંડીથી રક્ષણ મેળવવાના ઉમદા હેતુથી રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, સ્ટેશન રોડ, નગરપાલિકા, જેવા વિવિધ વિસ્તારોમાં રીજીયન ચેરમેન લા.કમલેશ લીમ્બાચીયા, ડિસ્ટ્રિક્ટ ચેરમેન લા. સેફીભાઈ પિટોલવાલા દ્વારા ગરમ ધાબડાનું વિતરણ કરવામાં આવ્યું. લાયન્સ કલબ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિ દાહોદ શહેર અને આજુબાજુના વિસ્તારમાં કરવામાં આવે છે.

## લીમખેડાના મોટી વાસવાણી ગામે ઘર આગળથી નિકળવા બાબતે ધીંગાણું મચાવતા ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના મોટી વાસવાણી ગામે ઘરની આગળથી નીકળવા બાબતે ચાર જણાએ ભેગા મળી બે જણાને લોખંડની પાઈપ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૨૧મી જાન્યુઆરીના રોજ લીમખેડા તાલુકાના મોટી વાસવાણી ગામે રહેતાં મથુરભાઈ બચુભાઈ, બાબુભાઈ બચુભાઈ, નરેશભાઈ બચુભાઈ અને બચુભાઈ સુરપાળભાઈ ચારેય જાતે નીનામાનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે હાથમાં લોખંડની પાઈપ લઈ કીકીયારીઓ કરી ગામમાં રહેતાં કલ્પનાબેન રાજુભાઈ નીનામાના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો અમારા ઘર નજીક થઈ કેમ નીકળ્યાં છો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ લોખંડની પાઈપ વડે રાજુભાઈને માથામાં મારી તથા રસુલભાઈને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ભયનો માહોલ પેદા થવા પામ્યો હતો.

આ સંબંધે કલ્પનાબેન રાજુભાઈ નીનામાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગઠબંધનમાં ૨૫ વર્ષ બરબાદ કર્યા, ભાજપે સત્તા માટે હિન્દુત્વનો ઉપયોગ કર્યો : ઉદ્ધવ



મુંબઈ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને શિવસેના-અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ ગઠબંધન મામલે ભાજપ પર નિશાન સાધ્યું હતું. બાલાસાહેબ ઠાકરેની ૯૬મી જન્મજયંતી નિમિત્તે આયોજિત વર્ચ્યુઅલ કાર્યક્રમમાં સંબોધન કરતાં ઉદ્ધવે કહ્યું હતું કે ભાજપ સાથે ગઠબંધનને કારણે શિવસેનાનાં ૨૫ વર્ષ બરબાદ થયાં છે. ઉદ્ધવે ભાજપ પર સત્તા માટે હિન્દુત્વનો દુરુપયોગ કરવાનો આરોપ પણ લગાવ્યો. તેમણે કહ્યું હતું કે શિવસેનાએ ક્યારેય સત્તા માટે હિન્દુત્વનો ઉપયોગ કર્યો નથી. અકાલી દળ અને શિવસેના જેવા જૂના પક્ષો પહેલાંથી જ ભાજપથી અલગ થઈ ગયા હોવાથી ભાજપના નેતૃત્વવાળું NDA (નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ) નબળું પડી ગયું છે. ઉદ્ધવે કહ્યું, 'અમે ભાજપને તેમની રાષ્ટ્રીય મહત્ત્વકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે પૂરા દિલથી સમર્થન આપ્યું હતું. અમને આશા હતી કે જ્યારે ભાજપ કેન્દ્રમાં હશે ત્યારે મહારાષ્ટ્રમાં શિવસેના નેતૃત્વ કરશે, પરંતુ અમારી સાથે છેતરપિંડી કરવામાં આવી હતી અને અમારા જ ઘરમાં અમને ખતમ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, તેથી અમારે ગઠબંધન તોડવું પડ્યું હતું. ભાજપ પોતાની અનુકૂળતા મુજબ તેના સાથીપક્ષોનો ઉપયોગ કરે છે અને પછી તેને છોડી દે છે. ઉદ્ધવે કહ્યું હતું કે શિવસેનાએ હિંદુત્વ નહીં, પણ ભાજપ છોડી દીધો છે. તમને જણાવી દઈએ કે ૨૦૧૯ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પછી શિવસેનાએ ભાજપ સાથેના સંબંધો તોડી નાખ્યા અને મહાવિકાસ અઘાડી સરકાર બનાવવા માટે એનસીપી અને કોંગ્રેસ સાથે ગઠબંધન કર્યું. તેમણે વધુમાં કહ્યું હતું કે ગૃહમંત્રી અમિત શાહે શિવસેનાને એકલા હાથે ચૂંટણી લડવાનો પડકાર ફેંક્યો હતો. અમે આ પડકાર સ્વીકાર્યો છે. શિવસેના હવે મહારાષ્ટ્રની બહાર પણ તેનો વિસ્તાર વધારશે અને રાષ્ટ્રીય ભૂમિકામાં આવશે, પરંતુ ભાજપ ઈડી અને આવકવેરા વિભાગ જેવી એજન્સીઓનો ઉપયોગ કરી રહી છે, જે યોગ્ય નથી.

## મહારાષ્ટ્રમાં ૧૧ મહિનામાં ૨૫૦૦ ખેડૂતોએ આત્મહત્યા કરી

મુંબઈ, એક આરટીઆઈ દ્વારા ચોંકાવનારો ખુલાસો થયો છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૧૧ મહિનામાં ૨૫૦૦ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. આ આંકડા ઘણા ગંભીર અને ચોંકાવનારા છે. મહારાષ્ટ્રના મહેસૂલ વિભાગ પાસેથી મળેલી માહિતી અનુસાર જાન્યુઆરી ૨૦૨૧થી નવેમ્બર ૨૦૨૧ સુધીમાં રાજ્યમાં ૨૪૯૮ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. જ્યારે વર્ષ ૨૦૨૦માં મહારાષ્ટ્રમાં ૨૫૪૭ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી.

આ આંકડા ઘણા ગંભીર અને ચોંકાવનારા છે. મહારાષ્ટ્રના મહેસૂલ વિભાગ પાસેથી મળેલી માહિતી અનુસાર, જાન્યુઆરી ૨૦૨૧થી નવેમ્બર ૨૦૨૧ સુધીમાં રાજ્યમાં ૨૪૯૮ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. જ્યારે વર્ષ ૨૦૨૦માં મહારાષ્ટ્રમાં ૨૫૪૭ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી.

મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં સૌથી વધુ ૮૦૪ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. જ્યારે નાગપુરમાં ૩૦૯ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. ત્યાં પશ્ચિમ અમરાવતી, વિદર્ભમાં, ૩૫૬ ખેડૂતોએ આત્મહત્યા કરી, જ્યારે યવતમાલમાં ૨૯૯, બુલઢાણામાં ૨૮૫, અકોલામાં ૧૩૮, વાશિમમાં ૭૫ ખેડૂતોએ આત્મહત્યા કરી. એટલે કે એક વર્ષમાં અમરાવતીના ૫ જિલ્લામાં ૧૧૫૩ ખેડૂતો મોતને ભેટ્યા.

ઔરંગાબાદના ડિવિઝનલ કમિશનરની ઓફિસમાંથી મળેલી માહિતી મુજબ, મરાઠવાડામાં ગત વર્ષ ૨૦૨૧માં ૭૧૧ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. ઔરંગાબાદમાં ૧૫૦ ખેડૂતોએ આત્મહત્યા કરી. જાલનામાં ૭૫, પરભણીમાં ૫૧, હિંગોલીમાં ૩૩, નાંદેડમાં ૯૧, બીડમાં ૧૫૦, લાતુર ૫૩, ઉસ્માનાબાદમાં ૧૦૮ ખેડૂતોએ આત્મહત્યા કરી.

મહારાષ્ટ્રમાં ખેડૂતોની આત્મહત્યાના વધતા જતા કિસ્સાઓ પર ખેડૂત નેતા વિજય જાવંધિયા કહે છે કે ૧૯૯૭થી દેશમાં ખેડૂતોની આત્મહત્યાની ચર્ચા છે. કેન્દ્ર અને રાજ્યમાં ઘણી સરકારો બદલાઈ છે, પરંતુ ખેડૂતની સ્થિતિ જેમની તેમ જ રહી છે. મોટા ભાગના ખેડૂતો બેંક લોનની ચુકવણી ન કરવાને કારણે ડિફોલ્ટ થાય છે.


Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.130

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણ રોકેટ ગતિથી વધારો

# સોમવારના રોજ ૭૬ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાયા



- ૩૧ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ.
- જીલ્લામાં ૪૨૮ કોરોના એકટીવ દર્દીઓ.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના સક્રમણે ભરડો લીધો છે. આજરોજ કોરોના પોઝીટીવ ૭૬ કેસ નવા નોંધાવા પામ્યા છે. સાથે જ્યારે ૩૧ દર્દીઓ સાજા થતાં રજા આપવામાં આવી છે. હાલ જીલ્લામાં કોરોનો એકટીવ દર્દીની સંખ્યા ૪૨૯ સુધી પહોંચી છે. જીલ્લામાં વધતા જતાં કોરોના સંક્રમણના કેસને લઈ જીલ્લા આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. લોકોને કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવા અપીલ કરી છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાની ત્રીજી લહેરની અસર જોવા મળી રહી છે. પ્રતિદિન જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં રોકેટ ગતિથી વધારો થઈ રહ્યો છે. જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણના કેસ ચિંતા ઉપજાવી રહ્યા છે. શહેરી વિસ્તારો સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોના સંક્રમણના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવામાં લોકો આળસ રાખી રહ્યા હોવાના પરિણામે કોરોના સંક્રમણના કેસમાં ઉછાળો જોવા મળ્યો છે. હાલ લગ્નસરાની મોસમ હોવાને લઈ આવા પ્રસંગોમાં કોરોના ગાઈડ લાઈનનું પાલન કરતા નથી. પરિણામે કોરોના સંક્રમણના કેસમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. પંચમહાલ જીલ્લામાં આજરોજ કોરોના પોઝીટીવ ૭૬ કેસ નવા નોધાવા પામ્યા છે. તેની સામે ૩૧ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. શહેરી વિસ્તારમાં ૪૭ પોઝીટીવ કેસ જ્યારે ગ્રામીણ વિસ્તારમાં ૨૮ નવા કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે. જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણના કેસને લઈ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા લોકોને કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવા તેમજ કોરોનાના લક્ષણો જણાય તો કોરોના ટેસ્ટીંગ કરાવી લેવા માટે સુચન કર્યું છે. જીલ્લાવાસીઓ કોરોના સામે રક્ષણ આપતી કોરોના વેકસીનનો પ્રથમ, બીજો અને બુસ્ટર ડોઝ લઈ લેવા માટે નજીકના સેન્ટરો ઉપર જઈને લઈ શકે છે. કોરોના સંક્રમણ થી બચવા માટે માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સનું પાલન કરવું જરૂરી છે.

**પંચમહાલ જીલ્લામાં સોમવારે નોંધાયેલા કોરોના પોઝીટીવ કેસની સંખ્યા**

ગોધરા - ૨૮
હાલોલ - ૦૭
કાલોલ - ૧૩
ગોધરા (ગ્રામ્ય) - ૧૫
હાલોલ (ગ્રામ્ય) - ૦૨
કાલોલ (ગ્રામ્ય) - ૦૮
શહેરા (ગ્રામ્ય) - 03

## કાલોલ મલાવ ગામે ગાળો બોલતા ૧૮ વર્ષીય યુવકને ચાર ઈસમોએ મારમારી હત્યા કરી નાખતા પોલીસ ફરિયાદ

કાલોલ,

કાલોલ તાલુકાના મલાવ ગામે આરોપીઓના ધાબા ઉપર જઈને ગાળો બોલતો હોય તેવા ૧૮ વર્ષીય યુવકને ગાળો ન બોલવાનું રહીને ગડદાપાટુનો મારમારતાં દવા સારવાર માટે અલગ-અલગ સ્થળે લઈ જતાં એસ.એસ.જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજાતા ચાર આરોપી વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધાવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના મલાવ ગામે રહેતા અમરસિંહ શાભભાઈ પરમારના ઘરમાં થઈને હિતેશભાઈ ઉર્ફે પંકજ પર્વતભાઈ રાઠોડ ઉ.વ.૧૮ રહે. અલવા આરોપીઓ વિક્રમભાઈ પૂજાભાઈ પરમારના મકાનના ધાબા ઉપર જઈને ગાળો બોલતો હોય જેને લઈ આરોપીઓ વિક્રમભાઈ પરમાર, સચીન ઉર્ફે લાલો પૂજાભાઈ પરમાર, દિનેશ અનોપભાઈ પરમાર, અનિલભાઈ વિક્રમભાઈ પરમાર એ હિતેશને ગાળો કેમ બોલે છે. તેમ કહીને ચાર ઈસમોએ હિતેશ રાઠોડને શરીરે ગડદાપાટુનો મારમારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી જેને દવા સારવાર માટે અલગ-અલગ દવાખાને લઈ ગયેલ હતા. ૨૩ જાન્યુઆરીના રોજ વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલમાં દાખલ કરેલ જ્યાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે કાલોલ પોલીસ મથકે ચાર આરોપીઓ એ હિતેશ રાઠોડનું ગંભીર મારમારી હત્યા કરી એકબીજાની મદદગારી કર્યા હોવાનો ગુનો નોંધી ચાર આરોપીઓને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## તમિલનાડુના થંજાવુરની હાઈસ્કુલની વિદ્યાર્થીને ધર્મ પરિવર્તન માટેના કિસ્સામાં ABVP દ્વારા આવેદન



ગોધરા,

ABVP ગોધરા શાખા દ્વારા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું કે, તામિલનાડુના થંજાવુરમાં સેકેડ હાર્ટ હાયર સેકન્ડરી સ્કુલમાં ધોરણ ૧૨ માં અભ્યાસરત એમ. લાવણયા નામની વિદ્યાર્થીની પર સ્કૂલના અધિકારીઓ દ્વારા ધર્મપરિવર્તન કરવા માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. જેને પગલે વિદ્યાર્થીનીને આત્મહત્યા સુધીનું પગલું ભર્યું. ABVP Godhra દ્વારા દોષિતો વિરૂદ્ધ કડક પગલાં ભરવામાં આવે તેવી માંગ સાથે કલેકટર ના મારફતે તામિલનાડુના રાજયપાલ ને આવેદન પત્ર આપવામાં આવ્યું. આવેદન આપતી વખતે ABVP ના પંચમહાલ વિભાગ સંયોજક શિવમભાઈ સોલંકી, પંચમહાલ જિલ્લા સંયોજક વ્રજભાઈ શાહ, ગોધરા નગર મંત્રી હર્ષભાઈ મેહતા, ગોધરા નગર સહમંત્રી મયુરભાઈ ભોજવાણી, દર્શભાઈ વ્યાસ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા તાલુકાના રીંછીયા ગામેથી કારમાં લઈ જવાતા ૪૫ હજારના દારૂ સાથે ચાલક ઝડપાયો

ગોધરા,

ગોધરા એલ.સી.બી. પોલીસે ગોધરા તાલુકા રીંછીયા પીકઅપ સ્ટેન્ડ ત્રણ રસ્તા ઉપર કારમાં લઈ જવાતા ૪૫,૩૬૦/- રૂપીયાના ઈંગ્લીશ દારૂ અને કાર મળી ૧,૪૫,૩૬૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી.પોલીસ એ ગોધરા તાલુકા રીંછીયા પીકઅપ સ્ટેન્ડ ત્રણ રસ્તા પાસે ચેકીંગમાં હતા. દરમિયાન સર્વેલિટ સ્પાર્ક ગાડી નંબર જીજે.૦૯.એજી.૫૪૧૩ના ચાલક પ્રવિણભાઈ માનાભાઈ વણકરને રોક્યો હતો અને કારનું ચેકીંગ કરતા ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂ કવાટરીયા પેટી નંગ-૯ કિંમત ૪૫,૩૬૦/-રૂપીયા કાર મળી ૧,૪૫,૩૬૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા એસ.જે. દવે હાઈસ્કુલ ખાતે મતદાતા દિવસની ઉજવણી અંતર્ગત રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક રંગોળી સ્પર્ધામાં ભાગ લીધો હતો.

## ગોધરા, રાજપીપળા, નવસારી, મોરબી અને પોરબંદરમાં બનશે નવી મેડિકલ કોલેજ, ૫૦૦ બેઠકો વધશે

ગાંધીનગર,

રાજયની મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપેથીની અંદાજે ૧૨ હજારથી વધારે બેઠકો પર પ્રવેશ માટે આજે પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. આ મેરિટલિસ્ટમાં ૨૨૭૨૬ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આગામી સપ્તાહમાં પ્રવેશનો વિસ્તૃત કાર્યક્રમ જાહેર કરવામાં આવશે. મહત્વની વાત એ છે કે ચાલુ વર્ષમાં મેડિકલની પાંચ નવી કોલેજોને મંજૂરી મળે તેવી શકયતા છે.

આ કોલેજોને મંજૂરી મળે તો મેડિકલમાં અંદાજે ૫૦૦ બેઠકોનો વધારો થશે. પહેલો રાઉન્ડ પુરો થયા પછી મંજુરીની જાહેરાત કરવામાં આવે તો બીજા રાઉન્ડમાં આ બેઠકોને સામેલ કરવાની તૈયારી પણ આરોગ્ય વિભાગ અને પ્રવેશ સમિતિ દ્વારા કરી દેવામાં આવી છે.

મેડિકલ ડેન્ટલ સહિતના ચાર કોર્સમાં પ્રવેશ માટે હાલમાં અંદાજે ૧૨ હજાર બેઠકો ઉપલબ્ધ છે. કેન્દ્ર સરકાર દ્વારા જુદા જુદા જિલ્લાઓમાં મેડિકલ કોલેજની મંજૂરી આપવાની જાહેર કરેલી સ્કીમમાં રાજય સરકારે અરજી કરી હોવાથી આગામી દિવસોમાં પાંચ નવી મેડિકલ કોલેજોને મંજૂરી મલવાની શકયતા છે. આ કોલેજો ગોધરા, નવસારી, મોરબી, પોરબંદર અને રાજપીપળા એમ પાંચ શહેરોમાં શરુ કરવામાં આવશે. સૂત્રો મુજબ હાલમાં તમામ તૈયારીઓ પૂરી કરી દેવામાં આવી છે. તેમજ જો પહેલો રાઉન્ડ પૂરો થયા પછી કોલેજોને મંજૂરી મલે તો બીજા રાઉન્ડમાં તમામ ૫૦૦ બેઠકોના સમાવેશની તૈયારી પણ કરી લેવામાં આવી છે.

મેડિકલ સહિત ચાર કોર્સમાં પ્રવેશ માટે કુલ ૨૫૮૫૧ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થયું હતું. જે પૈકી ૨૪૬૧૮ વિદ્યાર્થીઓએ વેરિફિકેશન પ્રક્રિયા પૂર્ણ કરી હતી. પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરવામાં આવેલ મેરિટલિસ્ટમાં ૨૨૭૨૬ વિદ્યાર્થીઓનો સામાવેશ કરવામાં આવ્યો છે. પ્રવેશના નિયમોને ધ્યાને લેતા ૩૧૨૫ વિદ્યાર્થીઓ છે જેઓને મેરિટલિસ્ટમાં સામેલ કરવામાં આવ્યા નથી. કેટેગરી પ્રમાણે જોઈએ તો ઓપન કેટેગરીમાં ૪૫૫૮, એસસી કેટેગરીમાં ૨૪૧૬, એસટી કેટેગરીમાં ૨૧૦૧ અને એસઈ કેટેગરીમાં ૮૩૮૧ વિદ્યાર્થીઓનો મેરિટલિસ્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રોવિશનલ મેરિટલિસ્ટમાં કોઈને સમસ્યા હોય તો ૨૫જાક જાન્યુઆરી બપોરે ૧ વાગ્યા સુધીમાં પ્રવેશ સમિતિના ઈ મેઈલ પર રજૂઆત કરવા સૂચના આપવામાં આવી છે.

## ગુજરાતમાં આગામી પાંચ દિવસ કડકડતી ઠંડી પડવાની આગાહી, ઉત્તર ગુજરાતમાં યલો એલર્ટ

અમદાવાદ,

ગુજરાતના મોટાભાગના વિસ્તારોના હવામાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પલટો આવ્યો છે. આજે મોટાભાગના શહેરોમાં તાપમાન ૧૦ ડિગ્રી કરતા પણ ઓછુ જોવા મળ્યુ છે. આગામી ૨૮ જાન્યુઆરી સુધી ઠંડીનુ પ્રમાણ આવુ જ રહેશે. વળી, હવામાન વિભાગ દ્વારા સમગ્ર અઠવાડિયા દરમિયાન હાડ થીજવતી ઠંડી પડશે તેવી આગાહી કરવામાં આવી છે. અમદાવાદ શહેરનુ તાપમાન ૮.૨ ડિગ્રી જ્યારે ગાંધીનગરનુ તાપમાન ૭ ડિગ્રી નોંધવામાં આવ્યુ હતુ. સૌથી ઓછુ તાપમાન કચ્છમાં ૬ ડિગ્રી નોંધવામાં આવ્યુ છે. વડોદરામાં આજે ૯ ડિગ્રી જ્યારે રાજકોટમાં ૧૦ ડિગ્રી તાપમાન નોંધવામાં આવ્યુ છે. ભાવનગરમાં આજે ઠંડીનુ પ્રમાણ ૧૨.૯ ડિગ્રી નોંધવામાં આવ્યુ છે. સુરતમાં પણ ૧૧ ડિગ્રી તાપમાન નોંધવામાં આવ્યુ છે. જાન્યુઆરીની શરૂઆતથી જ રાજ્યમાં દિવસેને દિવસે ઠંડી વધી રહી છે.

હજુ આવનારા સમયમાં ઠંડીનુ પ્રમાણ વધવાતી લોકોએ કડકડતી ઠંડીનો સામનો કરવો પડશે. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ સુધી કોલ્ડ વેવની આગાહી કરવામાં આવી છે. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ ઠંડી પડશે. ઉપરાંત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનનો પારો સાતથી આઠ ડિગ્રી સુધી ગગડે તેવી સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તરના સીધા ઠંડા પવનની અસર સૌથી વધુ અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, કચ્છ, ભાવનગર, રાજકોટ, પોરબંદર, સુરેન્દ્રનગર, જૂનાગઢ જિલ્લામાં રહેશે.

રવિવારે ઉત્તર ગુજરાતમાં ઉત્તર-પૂર્વીય ઠંડા પવનો ફૂંકાવાનુ શરુ થયુ હતુ. પ્રતિ કલાકે ૧૨ કિલોમીટરની ઝડપે ફૂંકાયેલા પવનના કારણે રાતનુ તાપમાન સાડા સાત ડિગ્રી ઘટ્યુ હતુ જ્યારે દિવસનુ તાપમાન પોણા પાંચ ડિગ્રી ઘટ્યુ હતુ. આગામી ૭૨ કલાકમાં ઠંડી ૨થી ૪ ડિગ્રી વધશે. મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યુ છે.

## વેરવિખેર વિપક્ષ એક થઈને મજબૂત બને તે પહેલાં જ ચૂંટણી રણમેદાનમાં લાવવાની ભાજપની તૈયારી



ગાંધીનગર,

હાલ ભાજપનું ધ્યાન ઉત્તરપ્રદેશની ચૂંટણીઓ પર છે, પરંતુ આ ચૂંટણીઓ પછી તરત જ ગુજરાત વિધાનસભા ચૂંટણી કેન્દ્રમાં રહેશે. ગુજરાત ભાજપના નેતાઓ કહે છે કે રાજ્યમાં વહેલી ચૂંટણી કરાવવાનો કોઇ પ્લાન નથી, પરંતુ ભાજપની તૈયારીઓ જ એનું ખંડન કરે છે. સરકાર અને સંગઠનમાં જોવા મળતી ચહલપહલથી ચૂંટણી નજીક હોવાના સંકેતો મળી રહ્યા છે. ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યની ચૂંટણી પૂરી થયા બાદ મે મહિનામાં જ ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજવા માટે ભાજપ સરકાર, સંગઠન અને હાઇકમાન્ડ ગંભીરતાથી વિચારણા કરી રહ્યાં હોવાનું જાણવા મળ્યું છે, જેમાં ફેબ્રુઆરીમાં વોટ ઓન એકાઉન્ટ સાથે વિધાનસભા સત્ર પૂરું કરી માર્ચમાં વાઇબ્રન્ટ કરી દેવી, સાથે સાથે વેરવિખેર વિપક્ષને પણ મજબૂત બનવાની તક ના મળે એવા રાજકીય ગણિત સાથે ભાજપ આગળ વધી રહ્યો છે.

ભાજપે ૨૧ જાન્યુઆરીએ ૧૪ સભ્યોની પ્રદેશ ચૂંટણી સમિતિની જાહેરાત કરી દીધી છે. આ સમિતિમાં રૂપાણી સરકારમાંથી ચાર મંત્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે, એમાં વિજય રૂપાણી, નીતિન પટેલ, ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને જસવંતસિંહ ભાભોરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૧૨ કોર ગ્રૂપના સભ્યો પણ જાહેર કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો બંને સમિતિમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ભાજપે ચાર સભ્યની શિસ્ત સમિતિની પણ જાહેરાત કરી છે.૧૯ જાન્યુઆરીએ ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે ૫૭૯ મંડળ સાથે વર્ચ્યુઅલ બેઠક યોજી હતી, જેમાં તેમણે બૂથ સમિતિ તેમજ પેજ સમિતિની સંરચના થકી મંડળને મજબૂત કરી કરવા માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત વડાપ્રધાન મોદી પેજ સમિતિના કાર્યકર્તાઓને ૨૫મી જાન્યુઆરીએ નમો એપના માધ્યમથી સંબોધન કરશે.

ગુજરાતમાં વિધાનસભાની વહેલી ચૂંટણી યોજવા માટે ભાજપે સરકાર અને સંગઠને પુરજોશમાં તૈયારીઓ કરી હોવાનું પક્ષ ના જ સિનિયર નેતાએ જણાવ્યું હતું, જેમાં ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ સરકાર દ્વારા આગામી દિવસોમાં ધડાધડ નિર્ણયો લેવામાં આવી શકે છે. એટલું જ નહીં, વિધાનસભાનું બજેટસત્ર પણ ટૂંકું કરીને માત્ર વોટ ઓન એકાઉન્ટ રજૂ થઈ શકે છે, જેથી પ્રજાલક્ષી નીતિઓ અને કાયદાઓ પસાર કરવામાં આવશે, સાથે સાથે ચૂંટણીલક્ષી વોટ ઓન એકાઉન્ટ પસાર કરવામાં આવી શકે છે.

જુનિયર મંત્રઓની પટેલ સરકાર માટે વિધાનસભામાં ફુલ બજેટ રજૂ કરી પસાર કરવામાં ઘણું મોટું જોખમ આવી શકે છે, કેમ કે નવા મંત્રીઓ માટે વિપક્ષનો સામનો કરવો મુશ્કેલ બની શકે તેમ છે, સાથે સાથે સરકારની નિષ્ફળતાના વિવિધ મુદ્દાઓ સાથે વિપક્ષ સરકારને ભીંસમાં લેવાની સાથે પ્રજામાં ભાજપ સરકાર પ્રત્યે અણગમો ઊભો કરે તો ચૂંટણીમાં ભાજપને ફટકો પડી શકે તેમ છે. આ ઉપરાંત વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૦થી વધુ બેઠકો મેળવવાના ટાર્ગેટ સાથે આગળ વધી રહ્યો છે. એ સંજોગોમાં જુનિયર સરકારને કારણે ભાજપને કોઈ નુકસાનના ન જાય એ માટે પણ સાવચેતી સાથે આગળ વધી રહ્યો છે. ગુજરાત બજેટની સાથે જ મોકૂફ રાખવામાં આવેલી વાઇબ્રન્ટ સમિટ યોજીને પ્રજાનું દિલ જીતવાનો પણ લક્ષ્યાંક ભાજપે રાખ્યો છે, જેથી ફેબ્રુઆરીમાં બજેટનું વોટ ઓન એકાઉન્ટ પસાર કરી માર્ચમાં વાઈબ્રન્ટ પતાવીને ચૂંટણીનું બ્યૂગલ ફૂંકવામાં આવી શકે છે.

## જમીન માંગણીની અરજી પેન્ડિંગ હશે તેની સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ લાગુ નહીં થાય

ગાંધીનગર,

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીનાં વર્ષમાં આદિવાસીઓના નિર્ણાયક પ્રશ્નોના ઉકેલથી રાજ્ય સરકાર શરૂઆત કરતી હોય તેમ આદિવાસી ,જંગલ અને જમીનને લાગતો એક મોટો નિર્ણય સરકારે કર્યો છે.આદિવાસીની જંગલની જમીનના કેસ લેન્ડ ગ્રેબિંગ હેઠળ નહીં ગણાય તેવી જાહેરાત આદિજાતિ મંત્રી નરેશ પટેલે જાહેરાત કરી છે.

રાજ્ય સરકારે આદિજાતિ વિસ્તાર માટે લેન્ડગ્રેબિંગ એક્ટમાં સુધારો કરવાની વાત કરતા કહ્યું કે, જમીન માંગણીની અરજી પેન્ડિંગ હશે તેની સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ લાગુ નહીં થાય. આદિજાતિ વિસ્તારોમાંથી સમગ્રતયા મળેલી રજૂઆતનાં આધારે આ નિર્ણય કરાયો છે. રાજ્યમાં સેંકડો આદિવાસીને જંગલની જમીન હજુ મળી નથી ત્યારે લેંડ ગ્રેબિંગના નામે અનેક આદિવાસીને હેરાન કરતા હોવાની ફરિયાદો મળી હતી. હાલમાં સેંકડો આદિવાસી જંગલની જમીન પર ખેતી કરી રહ્યા છે. આદિવાસીઓને ૨૦૦૬ના કાયદા મુજબ જંગલની જમીન મળવાનો હક હોય, રાજ્ય સરકારે આદિવાસી વિસ્તારોમાં જંગલની જમીન બાબતે કાયદો સુધારણાની વાત કરી છે.

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩,૦૬,૦૬૪ કેસ નોંધાયા

નવીદિલ્હી,

દેશમાં કોરોનાના દૈનિક કેસમાં ગઈ કાલ કરતા ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩,૦૬,૦૬૪ કેસ નોંધાયા છે. જો કે ગઈ કાલે કોરોનાના ૩.૩૩ લાખ નવા કેસ નોંધાયા હતા. એટલે કે આજે દૈનિક કેસમાં ઘટાડો નોંધાયો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોનાના નવા ૩,૦૬,૦૬૪ કેસ નોંધાયા છે. ગઈ કાલ કરતા ૨૭,૪૬૯ કેસનો ઘટાડો જોવા મળ્યો છે. એક દિવસમાં ૨,૪૩,૪૯૫ દર્દીઓ કોરોનાને માત આપીને રિકવર થયા છે. જો કે એક્ટિવ કેસ હજુ પણ વધુ છે. હાલ દેશમાં ૨૨,૪૯,૩૩૫ કોરોના દર્દીઓ સારવાર હેઠળ છે.

સરકારી આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૪૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. હાલ દેશમાં ડેઈલી પોઝિટિવિટી રેટ વધીને ૨૦.૭૫ ટકા થઈ ગયો છે. જ્યારે વીકલી પોઝિટિવિટી રેટ પણ વધ્યો છે જે ૧૭.૦૩ ટકા છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૪,૭૪,૭૫૩ લોકોએ કોરોના ટેસ્ટ કરાવ્યા છે. ત્યારબાદ દેશમાં કોરોના ટેસ્ટનો આંકડો ૭૧.૬૯ થયો છે. આ સાથે જ રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૧૬૨.૨૬ કરોડ ડોઝ અપાઈ ચૂક્યા છે.